ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા

## સંચાલિત

# દીપભૂમી સાંસ્કૃતિક ભવન

## મુખ્ય દાતાશ્રી

# ભૂમિબેન દીપકકુમાર ચંદુલાલ શાહ



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

**સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.**



સને ૧૯૯૪ ની સાલમાં મોડાસા એકડા દશા ખડાયતા મંડળ તરફથી યોજાયેલ કારતક સુદી–૧૨ કોટીચર્ક પ્રભુની ઊજાણીના દિવસે પ્રતિષ્ઠીત અને મોભાદાર બહેનો ભેગી મળીને મુહલાઓના વિકાસ માટે ના હેતુ સિધ્ધ કરવા આપણે મહિલા મંડળની સ્થાપના કરીએ એવો વિચાર આવ્યો. આ વિચારને અમલમાં મુકવા માટે અમુક બહેનો ભેગા થયા. બહેનોના તથા બાળકો માટેના વિકાસ લક્ષી પ્રોગ્રામ કરવાનું વિચાર્યું. ત્યારબાદ મંડળનું સુકાન સંભાળવા માટે પ્રમુખની નિમણૂક કરવામાં આવી.

ડિસેમ્બર–૧૯૯૪ શ્રીમતી ઈલાબેન ડૉ. સુરેશભાઈ શાહ ને પ્રમુખપદ સોંપીને મંડળની સ્થાપના કરવામાં આવી, મેં ૧૯૯૪ થી ૧૯૯૭ સુધી આ પદવી સંભાળી શરૂઆતમાં ખૂબ જ મહેનત અને લગનથી સંસ્થાનો પાયો નાખ્યો. સંસ્થાની શરૂઆત કરી એટલે બધી જવાબદારી મેં તન, મન અને ધનથી નિભાવી હતી



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જ્ય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.



સને ૧૯૯૭ થી ૧૯૯૯ **શ્રીમતી ચંદ્રિકાબેન મનહરભાઈ શાહ** મારી પ્રમુખપદે નિમણૂંક થઈ. નવા નવા બહેનોને આજીવન સભ્ય બનાવ્યા આ સમયે આજીવન સભ્ય ફી રૂપીયા ૧૦૧/- રાખવામાં આવી હતી. મારા પ્રમુખપદ હેઠળ **ફન ફેર** ના પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. ઘણી બધી બહેનોએ તેમાં ભાગ લીધો હતો. અને પોતાની આગવી સૂઝ બહાર આવી હતી. મારા સમય દરમ્યાન નવરાત્રિ પ્રોગ્રામનું આયોજન પણ કર્યું હતું.

સંસ્થાની સ્થાપના તો કરી પણ રજીસ્ટ્રેશન તથા બંધારણ મારા પતિદેવ શ્રી મનહરભાઈ શીવલાલ વકીલે કર્યું હતું. આપણી આ સંસ્થા ૮૦-જી માન્ય છે.



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જ્ય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.



સને ૧૯૯૯ થી ૨૦૦૧ શ્રીમતી ઉષાબેન અમરતલાલ શાહ મારી પ્રમુખ તરીકેની નીમણૂંક થઇ. તેમણે પણ સંસ્થામાં મહેનત કરી હતી. તેમણે પણ વાનગી ડેમોસ્ટ્રેશન જેવા પ્રોગ્રામ કર્યા હતા. તેઓ અત્યારે આપણી વચ્ચે નથી પ્રભુ તેના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.



સને ૨૦૦૧ થી ૨૦૦૩ **શ્રીમતી જ્યોતિબેન વિનોદભાઈ શાહ** ની નિમણૂક થઈ.

મારા પ્રમુખપદે સંસ્થામાં સભ્યો વધતા ગયા તેમ કામ પણ વધતું ગયું. દરેક સભ્યોને પ્રોગ્રામની જાણ કરવા માટે પોસ્ટ કાર્ડ સંસ્થાની અમુક બહેનો ભેગા થઈને જાતે જ લખતાં હતાં. સંસ્થાને જેમ બને તેમ ખર્ચો ઓછો થાય તેનું ધ્યાન રાખતા હતાં.

હવે પછી અમુક પ્રોગ્રામનું આયોજન દરેક પ્રમુખ કરે છે, જેવા કે નવરાત્રિ, સ્નેહસંમેલન, ડેમો સ્ટ્રેશન, વાનગી હરીફાઈ વગેરે વગેરે.



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

**સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.**



સને ૨૦૦૩ થી ૨૦૦૫ **શ્રીમતી છાયાબેન ગીરીશભાઈ શાહ** ની નિમણૂક થઈ. મારા પ્રમુખપદે સંસ્થાને ૧૦ વર્ષ પુરા થતા હોવાથી દશાબ્દી વર્ષની ઊજવણી કરી હતી. દશાબ્દી વર્ષ ની યાદગીરી રૂપે દરેક સભ્યોને ચાંદીના સીક્કાની વહેંચણી કરવામાં આવી હતી. જતીપુરા ટુરનું આયોજન પણ કરેલ હતું. મારા પ્રમુખપદ હેઠળ શારદાદેવી અમરતલાલ શાહ (પેન્સીલવાળા) પરીવાર તરફથી નવરાત્રિમાં નાના બાળકોને પ્રોત્સાહીત કરવા માટે ઈનામી ફંડ જાહેર કર્યું હતું. સંસ્થાને પહેલીવાર જ ફંડ મળ્યું હતું.



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

**સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.**







સને ૨૦૦૫ થી ૨૦૦૭ **શ્રીમતી લીનાબેન કમલેશભાઇ શાહ** મારી પ્રમુખ તરીકેની નીમણૂંક થઇ. મારા પ્રમુખપદ હેઠળ સોમનાથ, દ્વારકાની ટુરનું આયોજન કર્યુ હતું. તદઉપરાંત બહેનો તથા બાળકો માટે ડાન્સના પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું.

બહેનો માટે પંજાબી સબ્જીનું પણ ડેમોસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું. વ્યવસાઇલક્ષી ડાયરીનું વિમોચન કર્યુ હતું. સમાજની બહેનો જે કંઇ વ્યવસાય ઘરે બેસીને કરતી હતી તેના નામ, સરનામું તથા ટેલીફોન નં. લઇને ડાયરી બનાવી હતી.

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.







સને ૨૦૦૭ થી ૨૦૦૯ શ્રીમતી અંજનાબેન સનતભાઈ શાહ મારી પ્રમુખ તરીકેની નીમણૂંક થઈ. મારા પ્રમુખપદ હેઠળ સોમનાથ, ધાર્મિક પ્રોગ્રામ ચંપારણનું આયોજન કર્યુ હતું.

મારા બે વર્ષના સમય દરમ્યાન આર્ટ ઓફ પેરન્ટીંગ અને એપ્ટીટ્યુડ ટેસ્ટ ના પ્રોગ્રામનું આયોજન હોલમાં રાખેલ હતું. આ ઉપરાંત થર્મલ પાવર સ્ટેશનની વિઝીટ કરી હતી. થર્મલ પાવર પાવર સ્ટેશન ગવર્મેન્ટની પરમીશન વગર જઈ શકાતું નથી.

દરેક પ્રમુખ નવરાત્રિ, કેક તથા બિસ્કીટ ડેમોસ્ટ્રેશન જેવા પ્રોગ્રામ તો કરીએ છીએ.

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.







સને ૨૦૦૯ થી ૨૦૧૧ શ્રીમતી ભાવનાબેન કુંજબિહારીભાઈ શાહ.

મારા પ્રમુખપદ હેઠળ કોરીયોગ્રાફર રાખીને એક મહિનો પ્રેક્ટીસ કરાવીને ટેલેન્ટનો પ્રોગ્રામ કર્યો હતો.

ચાર ધામ યાત્રાનું પણ સુંદર આયોજન કર્યું હતું. બીજા નાના નાના પ્રોગ્રામનું આયોજન પણ કરેલ હતું. જેવા કે નવરાત્રિ, કીર્તન હરીફાઈ તથા સ્નેહસંમેલન તેમ જ ડેમોસ્ટ્રેશન પ્રોગ્રામ કર્યો હતા. મારા વર્ષ દરમ્યાન નવો પ્રોગ્રામ ડીબેટનો રાખેલ હતો.

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.







સને ૨૦૧૧ થી ૨૦૧૩ શ્રીમતી વીણાબેન જીતેન્દ્રભાઈ શાહ.

મારા પ્રમુખપદ હેઠળ ટેલેન્ટ, નાટક તથા ફનફેર પ્રોગ્રામનું આયોજન કર્યું હતું.

કાશ્મીર પ્રવાસ તથા ફનફેર પ્રોગ્રામનું આયોજન કર્યું હતું.

નવરાત્રિ પ્રોગ્રામમાં શારદાદેવી અમરતલાલ શાહ પેન્સીલવાળા તરફથી સભ્યદીઠ લ્હાણી કરી હતી. મારા પ્રમુખપદ હેઠળ દરેક કાર્યકર્તા બહેનોનો મને સાથ અને સહકાર મળેલ છે તે સર્વેનો ખૂબ ખૂબ આભાર.

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.







સને ૨૦૧૩ થી ૨૦૧૫ શ્રીમતી વિદ્યાબેન અરવિંદભાઈ શાહ.

મારા પ્રમુખપદે શારદાબેન મુલચંદદાસ શાહ પરિવાર તરફથી દિકરીઓ માટે શૈક્ષણીક ઇનામી ટ્રસ્ટ નું ફંડ મળેલ હતું.

તદઉપરાંત બહેનોના વિકાસલક્ષી અવનવા પ્રોગ્રામ કરેલ હતા. આ ફંડમાંથી હવે દર વર્ષે દિકરીઓ સારા માર્કસથી પાસ થાય તેને ઇનામ આપવામં આવશે. ધોરણ ૫ થી ૧૨ તથા ડીગ્રી, ગ્રેજ્યુએશન સુધી અપાશે.

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

**સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.**



સને ૨૦૧૫ થી ૨૦૧૭ શ્રીમતી હેમાબેન સંજયભાઈ શાહ મારી પ્રમુખ પદની નિમણૂંક થયા પછી ટેલેન્ટનો તથા હાઉસીનો પ્રોગ્રામ રાખેલ હતો. મારા પ્રમુખપદ હેઠળ મધુકાન્તાબેન અમરતલાલ શાહ પરિવાર તરફથી શૈક્ષણીક ફંડ મળ્યું હતું. તદઉપરાંત ગોપી પંકજભાઈ રમણલાલ શાહ તરફથી આર્થિક સહાયનું ફંડ મળેલ હતું. તેમાંથી જરૂરીયાતવાળા પરિવારને અનાજની કીટ બનાવી ને મોકલીએ છીએ.

શ્રીલંકા ટુરનું પણ આયોજન કરેલ છે.

મારા કાર્યમ દરમીયાન રસિયાનું આયોજન પણ કરેલ હતું. મંગલભાઈ બાપોદરા દ્વારા.

મારા પ્રમુખપદ હેઠળ રમતોત્સવનો પ્રોગ્રામ પણ કર્યો હતો, આટલા વર્ષોમાં આ પ્રોગ્રામ પ્રથમ વાર જ યોજાયો હતો જેથી બાળકો તથા બહેનોએ ભાગ લઈને ખૂબ જ આનંદ લીધો હતો.



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.



સને ૨૦૧૭ થી ૨૦૧૯

**શ્રીમતી લતાબેન કિશોરભાઈ શાહ**

મારા પ્રમુખપદ હેઠળ ટેલેન્ટનો પ્રોગ્રામ તથા માનસી પરિક્રમા તથા પા.પૂ. લક્ષ્મણ બાવાશ્રીના વચનામૃત નો પ્રોગ્રામ રાખેલ હતો.

શ્રીમતી ઈલાબેન ડૉ. સુરેશભાઈ શાહ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફંડ જાહેર થયું હતું. ગોલોકવાસી વિમળાબેન રમેશચંદ્ર શાહ પરિવાર લીહોડા તરફથી નવરાત્રિમાં અલ્પાહાર માટેનું ફંડ જાહેર થયું હતું.

મારા પ્રમુખપદ હેઠળ મારા પછી આવનાર ભૂમિબેન દીપકભાઈ શાહ તેમના વર્ષમાં ૨૫ વર્ષની ઉજવણી કરવાની આવતી હોવાથી સમાજ નું એક સરનામું બને એવી જગ્યા લેવાની રજુઆત કરી હતી. ચંપારણ, જગન્નાથપુરી, ગંગાસાગર સુધીના પ્રવાસનું આયોજન કરેલ હતું. મારી સાથે મારી સહ કાર્યકર બહેનો તથા સમાજના ઉદાર દાતાઓનો મને ખૂબ સાથ અને સહકાર મળ્યો જેના કારણે હું લગભગ દર મહિને અવનવા પ્રોગ્રામનું આયોજન કરી શકતી હતી. હું તમામ મારા સાથીદારો નો ખૂબ ખૂબ આભાર માનું છુ.

સુમિતજી શર્મા દ્વારા રસિયાના પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. હવે સંસ્થાનું કામ ખૂબ જ મોટુ થઇ ગયુ છે તેનું ઓડીટ શરૂઆતથી શ્રી મનહરભાઇ શીવલાલ શાહ વિના મૂલ્યે કરે છે તેમનો પણ ખૂબ ખૂબ આભાર.



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.



સને ૨૦૧૯ થી ૨૦૨૨

**શ્રીમતી ભૂમિબેન દીપકભાઈ શાહ**

મારા પ્રમુખપદ હેઠળ વન–ડે પીકનીક તથા નવરાત્રી ના પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. ત્યાર બાદ દેશભર માં કોરોનાકાળ ભડકી રહ્યો હતો. જેથી હું નવા કોઈ પ્રોગ્રામ કરી શકી ન હતી. પરંતુ શ્રીમતી લતાબેનના પ્રમુખપદે મેં જગ્યા લેવાની તૈયારી બતાવી તેમાં મને એમનો પુરેપુરો સાથ–સહકાર મળ્યો હતો. આ સમય દરમીયાન બેંકવેટ હોલ લેવાની ઈચ્છા હતી. તે પ્રભુ એ તથા મારી સાથે ખભેખભા મીલાવી સાથ આપનાર લતાબેન, સંગીતાબેન, પ્રીતીબેન, રીનાબેન અને મોનાબેન તથા મારી દરેક કમીટી મેમ્બરનો સાથ સહકાર મળ્યો હતો.

આપણા મોડાસા એકડા દશા ખડાયતામાં સંસ્થાનું એક સરનામું તે મહિલા મંડળ અમદાવાદ ખાતે સાકાર થયું છે. દરેક દાતાશ્રીઓએ બેન્કવેટ હોલ ખાતે ઉદાર હાથે ફાળો લખાવ્યો હતો. હોલનું નામ **દીપભૂમી સાંસ્કૃતિક ભવન** રાખેલ છે. એમાં મુખ્ય ટ્રસ્ટી તરીકે હું પોતેભૂમિબેન દીપકભાઈ શાહ છે.

મારા પ્રમુખપદ હેઠળ ૨૫ વર્ષ સિલ્વર જ્યુબીલીની ઉજવણી તથા **દીપભૂમી સાંસ્કૃતિક ભવન** નું ઈનોગ્રેશન ઓક્ટોબર–૨૦૨૧ દશેરાના દિવસે કરવામાં આવ્યું હતું.



# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

સર્વેને અમારા જય જય શ્રી ગોકુલેશ, જય શ્રી કૃષ્ણ.



૨૦૨૨ થી હાલના યુવા પ્રમુખ **શ્રીમતી સંગીતાબેન ધનંજયભાઈ શાહ** મારી માતૃસંસ્થા ખડાયતા મહિલા વિકાસ સંસ્થામાં મારી પ્રમુખપદની નિમણૂંક કર્યા પછી ટ્રેકીંગ પ્લેસ ચોપટા તથા નવરાત્રિ અને વ્રજયાત્રા પરિક્રમાનું આયોજન કરેલ હતું. જે ખૂબ જ સફળ રહ્યું. આ વર્ષે ૧૫ મી ઓગષ્ટ અમૃત મહોત્સવનો ભવ્ય પ્રોગ્રામ કરેલ હતો તેમાં પણ સમાજની બહેનો તથા બાળકોએ દેશભક્તિ માટે પોતાની આર્ટ બતાવી હતી. મને હંમેશાં મારી માતૃસંસ્થા માટે નિત્ય નવા નવા પ્રોગ્રામ થાય તેવા વિચારો આવતા રહે છે. પ્રભુ મારા વિચારોને સફળ બનાવે તેવી પ્રાર્થના.

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ



હાલના ઉપપ્રમુખ :
**શ્રીમતી પ્રીતીબેન રાજેનભાઈ શાહ**



હાલના સેક્રેટરી :
**શ્રીમતી રીનાબેન સ્નેહલભાઈ શાહ**



હાલના ટ્રેઝરર :
**શ્રીમતી મોનાબેન રાકેશભાઈ શાહ**



હાલના જોઈન્ટ સેક્રેટરી :
**શ્રીમતી અલ્પાબેન હરેશભાઈ શાહ**



હાલના જોઈન્ટ ટ્રેઝરર :
**શ્રીમતી તેજલ પરાગભાઈ શાહ**

# ખડાયતા મહિલા વિકાસ સંસ્થા, અમદાવાદ

